| GJBK090008322023 | દાખલ તારીખ | ૨૫/૦૫/૨૦૨૩ | | |
|---|---|---|---|---|
| | રજુ તારીખ | ૨૫/૦૫/૨૦૨૩ | | |
| | ફેસલ તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૨ | ૦૯ | ૧૬ |

**ધાનેરાના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ફર્સ્ટ કલાસ શ્રી હરપ્રિત સીંધ સાહેબની કોર્ટમાં, મુકામ : ધાનેરા**

આંક :-

ફરીયાદી :- શ્રી સરકાર,

**વિરૂધ્ધ**

આરોપીઓ :- (૧) અમરતભાઈ આયદાનભાઈ ભેટોર,
(૨) રાહુભાઈ અમરતભાઈ ભેટોર ,
(૩) જીતેન્દ્રભાઈ નેમાભાઈ ભેટોર
(૪) વિનોદભાઈ નેમાભાઈ ભેટોર
તમામ રહે. ધાનેરા અંબાજી મંદિર પાસે,
તા. ધાનેરા, જીલ્લો-બનાસકાંઠા.

ગુન્હો :- ઈ.પી.કો. કલમ-૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ.

---

**શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી એમ.એમ. સોલંકી,**

**આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી જે.વી.ત્રીવેદી,**

---

**// જજમેન્ટ //**

(૧) ફરીયાદપક્ષ કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ કોલમ નં.૧માં જણાવેલ તહોદારોએ આ કામના તહો.નં.૧ થી ૪ નાઓએ તહો. નં.૧ ના ઘર પાસે ફરીયાદીના દિયર સાહેદ રત્નાભાઈ ચુનાજી ગલચરનાઓને નાદો સાથે ઝગડો કરી લાકડી તથા ગડદા પાટુનો માર મારી મા બેન સમાની ગાળો બોલી અપમાનીત કરી ઉશ્કેરાટનુ કારણ આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો.કલમ- ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો

શિક્ષા પાત્ર ગુનો કરેલાનું ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરતાં તપાસનીસ દવારા તપાસને અંતે આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ સમન્સના આધારે હાજર થતાં સૌપ્રથમ બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ આરોપીને તપાસના તમામ પેપર્સ મળી ગયાની ખાત્રી કરી આરોપીઓ સામેના ગુનાનું આંક–૦૨ થી તહોમતનામું ફરમાવી,આરોપીઓની આંક–૦૩ થી ૦૬ સુધીની પ્લી નોંધવામાં આવેલી જેમાં આરોપીઓએ તેઓ ની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષ તરફે કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો કેસ નિ:શંક પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ છે.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૭ | ફરીયાદી વસંતીબેન વશરામભાઈ ગલચરની જુબાની |
| ૨. | ૧૮ | ફરીયાદ |
| ૩. | ૨૧ | પંચનામુ |

આ કામે આંક.૧૯ થી ફરીયાદપક્ષ દ્વારા પુરાવા બંધ કરવાની પુરસીસ રજુ થયેલ અને ત્યારબાદ આરોપી સામે બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ ની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને ત્યારબાદ બન્ને પક્ષે દલીલ સાંભળી.

(૪) ઉપરોકત વિગતે મારી સમક્ષ નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**// મુદ્દાઓ //**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ કોલમ નં.૧માં જણાવેલ તહોદારોએ આ કામના તહો.નં.૧ થી ૪ નાઓએ તહો. નં.૧ ના ઘર પાસે ફરીયાદીના દિયર સાહેદ રત્નાભાઈ ચુનાજી ગલચરનાઓને નાદો સાથે

ઝગડો કરી લાકડી તથા ગડદા પાટુનો માર મારી મા બેન સમાની ગાળો બોલી અપમાનીત કરી ઉશ્કેરાટનુ કારણ આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો.કલમ–૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ,

(૬) ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

## કારણો

**મુદ્દા નં. ૧.**

(૭) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબિત કરવાની હોય છે.દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી.ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવા નો બોજો આરોપી ઉપર બેસતો નથી.ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.સાબિત થયેલ હકીકતો કોને કહેવાય.તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબિત થયેલ ગણાય.હાલના કામે આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો.કલમ–૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુનાનો આક્ષેપ હોય. સદર હું કલમ અન્વયે આવશ્યક તત્વો મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ ભારતીય સાક્ષ્ય અધિનિયમ – ૧૦૨ મુજબ તેમણે સંભવિતતા દર્શાવવાની

રહે છે. આરોપીએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૮) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા સારૂ આંક–૧૭ થી ફરીયાદી વસંતીબેન વશરામભાઈ ગલચરનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે,બનાવ તા.૧૦/૦૧/૨૦૨૧ ના રાત્રીના તેઓ તથા તેમના ઘરના સભ્યો તેમના ઘરે વાળુ પાણી કરીને બેઠેલ હતા તે વખતે રાત્રીના આશરે સાડા નવેક વાગ્યાના સમયે અમરતભાઈ આણંદાનભાઈ ભેટોર રહે.પાનેરા અંબાજીમંદિરની પાસે તા.ધાનેરા વાળાએ તેમના પતિ વશરામભાઈ ગલચરનાઓને ફોન કરી કહેલ કે તમારા ભાઈ રત્નાભાઈ ગલચર અમારા ઘરે આવી અને જેમ તેમ બોલે છે તો તમો અહી આવી તમારા ભાઈને લઈ જાઓ તેવી વાત કરતા તેઓ તથા તેમના પતિ વસરામભાઈ ગલચરનાઓ અમરતભાઈ ભેટોરના ઘર તરફ ગયેલ તો ત્યાં તેમના દિયર રત્નાભાઈ ગલચરનાઓને અમરતભાઈ આયદાનભાઈ ભેટોર તથા રાહુલભાઈ અમરતભાઈ ભેટોર તથા જીતેન્દ્રભાઈ નેમાભાઈ ભેટોર અને વિનોદભાઈ નેમાભાઈ ભેટોર તમામ રહે.ધાનેરા અંબાજી મંદિરની પાસે તા.ધાનેરા વાળાઓ તેમના દિયર રત્નાભાઈ ગલચરનાઓ સાથે બોલાચાલી કરતા, ત્યારબાદ ફરીયાદી તેમના દિયર ને તેમના ઘરે લઇ ગયેલા, પોતે ફરીયાદમાં તેમની સહી ઓળખે છે જે આંક–૧૮ થી રજુ છે. સદર ફરીયાદી હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી.શ્રી દ્વારા તેમની કરવામાં આવેલ ઉલટ તપાસથી પણ ફરીયાદ હકીકતને સમર્થનકારક કોઈ હકીકત જણાવતા નથી જ્યારે આરોપીઓ તરફે કરેલ ઉલટ તપાસમાં તેમણે સ્વીકરેલ છે કે, બનાવ વખતે આરોપીઓએ તેમને કોઈ લાકડી વડે માર મારેલ નથી,ગડદા પાટુ મારેલ નથી કે ગાળો બોલેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.

(૦૯) આ કામે મુળ ફરીયાદીએ જ આંક–૧૯ થી વધુ સાહેદો તપાસવા નથી અને વધુ પુરાવા આપવા નથી તેવી પુરશીશ આપતા આ કામે ઉપરોક્ત

ફરીયાદી તથા સાહેદો સિવાય અન્ય કોઈ સાહદોને તપાસવામાં આવેલ નથી.

(૧૦) આ કામે રજુ કરવામાં આવેલ રેકર્ડ તથા આ કામે રજુ થયેલ ઉપરોકત ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદી અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હોવા બાબતેની હાલની ફરીયાદ આરોપીઓ સામે ફરીયાદીએ આપેલ હોવાની હકીકત જણાવેલ છે. આ કામના સાહેદો બનાવની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી દવારા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.ઉપરોકત સાહેદો તેમની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકીકતો કબુલ રાખેલ છે કે આરોપીઓએ ફરીયાદીને કોઈ ઈજા કરેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી કે આરોપીના હાથમાં કોઈ હથીયાર જોયેલ નથી. આમ,સાહેદો ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદ કે બનાવની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી.આ સિવાય આરોપીઓ તરફે આ કામે રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને આંકે પાડી વંચાણે લેવામાં આવે તો વાંધો નહી હોવાની હકીકત જણાવેલ છે,પરંતુ આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ ઉપરોકત સાહેદો એ બનાવની હકીકત કે ફરીયાદની હકીકત બાબતે કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી ત્યારે આ કામે રજુ થયેલ ઉપરોકત ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતો પુરવાર માની શકાય નહી.આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવો જોતાં આરોપીઓએ ઈજા પામનારને માર મારી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરેલ હોય તેવી કોઈ જ હકીકત શંકાથી પર સાબિત થતી ન હોય, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય,મુદ્દા નં.૧નો જવાબ "નકાર'' માં આપી,મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## //હુકમ//

(૧) આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ ની કલમ–૨૭૧ (૧) અન્વયે ઇ.પી.કો. કલમ – ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનામાં પુરતા પુરાવાના અભાવે શંકાનો

લાભ અાપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે લેવામાં આવેલ મુદદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપી તરફે અગાઉ રજુ કરેલ જામીન તથા જાત મુચરકા બી.એન.એસ.એસ –૪૮૧ (૧) મુજબના અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે વિકલ્પે આરોપીએ રૂા.૫,૦૦૦/–પુરાના જામીન તથા જાત મુચરકો અપીલ સમય સુધીના રજુ કરવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ધાનેરા
તારીખ : ૧૦/૦૩/૨૦૨૬

**(હરપ્રિત સિંઘ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ધાનેરા
(કોડ નં. જી.જે.૦૧૪૨૭)